**કો.દ. નં.૧૫૯/૨૦૧૯ ના કામે આંક–૧ લગત હુકમ**

(૧) દરખાસ્ત તથા રેકર્ડ વંચાણે લીધુ. દરખાસ્ત વાદીએ આર્બીટ્રેશનના તા.૩૧/૭/૧૫ ના હુકમ આધારે તા.૦૧/૦૩/૨૦૧૯ ના રોજ દાખલ કરેલ અને દરખાસ્ત દાખલ થતા દરખાસ્ત પ્રતિવાદી વિરુધ્ નોટીસ કાઢવામાં આવેલ જેની બજવણી થવા છતાં દરખાસ્ત પ્રતિવાદી હાજર થયેલ અને દરખાસ્ત વિરુધ્ધ આંક–૧૦ થી લેખીત વાંધા આપેલ અને ત્યારબાદ દરખાસ્ત વાદી તરફે આંક–૧૧ થી તા.૧૪/૮/૨૫ ના રોજ દરખાસ્ત પ્રતિવાદી વિરુધ્ધ જંગમ જપ્તી વોરંટ કાઢવા માટે અરજ આપેલ જે મંજુર કરવામાં આવેલ ત્યારબાદ દરખાસ્ત વાદીએ કોઇ કાર્યવાહી કરેલ નથી અને ફરીથી આ જ પ્રકારની અરજ તા.૨/૫/૨૬ ના રોજ આપેલ, જે પણ મંજુર કરવા છતાં દરખાસ્ત વાદી ધ્વારા લેણી રકમની વસુલાત માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આજરોજ પણ દરખાસ્ત વાદી જાતે કે તેઓ તરફે કોઈ હાજર નથી કે કોઈ મુદત અરજ નથી. આમ, દરખાસ્ત વાદીને દરખાસ્તમાં જણાવ્યા મુજબની રકમનો ચેક મળી ગયેલ હોય, હાલની દરખાસ્ત પરત્વેની કાર્યવાહીમાં કોઈ રસ ન હોવાનું જણાય છે. સ્વીકૃતપણે હાલની દરખાસ્ત તા.૦૬/૦૭/૨૦૧૯ ના રોજ દાખલ થયેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત ધ્ધારા તેઓશ્રીના ૨૦૨૫ પેરીયામલ વિરૂધ્ધ વી.રાજમાણી વિ., તા.૦૬.૦૩,૨૦૨૫ ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દવારા તેઓશ્રીના ચુકાદાના પેરા–૪૨,૧૨ માં છ માસમાં દરખાસ્તનો નિકાલ કરવાની સુચના આપેલ છે. હાથ ઉપરના કેસમાં હાલની દરખાસ્ત વર્ષ –૨૦૧૯ થી પેન્ડીંગ છે અને સદર ચુકાદાની માર્ગદર્શીકા ધ્યાને લેતા હાલની દરખાસ્ત પેન્ડીંગ રાખી શકાય તેમ ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

– હાલની આ દરખાસ્ત, નામદાર સર્વોચ્ચ અદાલત દવારા તેઓશ્રીના ૨૦૨૫ પેરીયામલ વિરુધ્ધ વી.રાજમાણી વિ. તા. ૦૬.૦૩.૨૦૨૫ ના ચુકાદાના પેરા–૪૨,૧૨ માં જણાવ્યા મુજબ હાલની આ દરખાસ્ત ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૬ ઠ્ઠી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૮/૨૦૨૬ (ડી.એલ.ઠાકોર)

મુ.બોરસદ. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ

બોરસદ.

કોડ નં.જીજે ૦૦૮૯૩